


ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા સત્યાગ્રહ છાવણી, સે-૬ ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ધારાસભ્યો બળદેવભાઈ ઠાકોર, અમીતભાઈ ચૌધરી અને કામીની બા રાઠોડ, પ્રદેશ પ્રવક્તા નિશિતભાઈ વ્યાસ, ડૉ. હિમાંશુભાઈ પટેલ, જિ. પં. પ્રમુખ રામાજી ઠાકોર, ડૉ. સી. જે. ચાવડા વિગેરે આગેવાનોની ઉપસ્થિતિમાં ''જન આક્રોશ ધરણાં'' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટબંધીના અણઘડ આયોજનના વિરોધ માટે ૩૦૦ જેટલા કોંગ્રેસ કાર્યકરો ધરણાંમાં જોડાયા હતા. નોટબંધીને કારણે પ્રજાના સમર્થનમાં યોજાયેલ ''જન આક્રોશ ધરણાં''માં જોડાયેલ કાર્યકરોએ ઘ-રોડ પર વાહન વ્યવહારને થંભાવી દીધો હતો અને ચક્કાજામનો આશ્ચર્યજનક કાર્યક્રમ યોજયો હતો જેમાં મહિલા કોંગ્રેસ/યુવક કોંગ્રેસના કાર્યકરોએ ભારે આક્રોશ સાથે સૂત્રોચ્ચાર કર્યો હતો.

# નાના વેપાર ધંધા હજુ નોટબંધીની સુનામીમાંથી બહાર આવ્યા નથી

## સામાન્ય પ્રજાજન પાસે મર્યાદિત રોકડ હોવાથી માત્ર જીવન જરૂરી ચીજવસ્તુઓ પર જ ખર્ચ કરવામાં આવે છે : ખરીદીને મર્યાદિત કરતા વેપાર જ થતો નથી

ગાંધીનગર, તા. ૨૮

નોટબંધીનો નિર્ણય નાના વેપારીઓ માટે સુનામી સમાન પુરવાર થયો છે. એમ પણ છેલ્લા ઘણાં સમયથી વેપાર ઉદ્યોગને મંદીનું ગ્રહણ લાગેલુ હતુ. તેમાં અચાનક જ નોટબંધી આવતા લોકો પાસે વાપરવા માટે મર્યાદિત રોકડ વધી છે. જેના પરિણામે નાના વેપાર ધંધાઓ સાવ ઠપ્પ થઈ ગયા છે. રોકડના અભાવે ઘણાની રોજગારી પર વ્યાપક અસર જોવા મળી રહી છે.

નોટબંધીના નિર્ણયને આજે વીસ દિવસ થયાં. પ્રધાનમંત્રીએ માંગેલા પચાસ દિવસના સમયમાંથી અર્ધો સમય પુર્ણ થવામાં છે. વીસ દિવસ થયા હોવા છતાં રોકડ રકમ હજુ બજારમાં ઉપલબ્ધ થઈ નથી. બેંકો 'પૈસા નથી'નું કારણ આપી લોકોને મર્યાદિત રકમ આપી રહી છે. બેંકોમાં પૈસા લેવા લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે. મોટાભાગના એટીએમ બંધ છે. જ્યાં પૈસા છે ત્યાં માત્ર ૨૫૦૦ રૂ. જેટલી રકમ ઉપાડી શકાય છે. લોકો પાસે ખુબ જ મર્યાદિત રોકડ રકમ હોવાથી ખર્ચ પર આપોઆપ કાપ મુકાયો છે. લોકોએ ખર્ચો ઓછો કરતાં તેની સીધી અસર વેપાર ધંધા પર જોવા મળી રહી છે. આપણે ત્યાં નાના વેપાર-ધંધા હજુ રોકડ લેવડદેવડ પર આધારિત છે. ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો, વેપારીઓ અને પ્રજાજનોની હાલત રોકડના અભાવે કફોડી બની છે. સામાન્ય જનતા પાસે રોકડ ન હોવાથી દૂધ-શાકભાજી જેવી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પરજ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. મોજશોખની ચીજવસ્તુઓ અને ખાણીપીણીના બજેટ પર કાપ મુકી દેવાયો છે. નોટબંધીની આ સુનામીની અસરમાં મોટા ભાગના વ્યાપાર ધંધા આવી ગયા છે. સામાન્ય પ્રજાજનો ગણી ગણીને નોટ ખર્ચી રહી છે. એટીએમમાં પૈસા નથી અને બેંકોમાં લાંબી કતારો છે. જ્યારે નાના કામદારો-શ્રમિકો

**સમયસર**

બેરોજગાર બની ગયા છે. આથી તેમની પાસે તો રોકડ પણ નથી અને બેંકમાં પણ પૈસા નથી. શ્રમિકો-કામદારો માંડ માંડ ગાડુ ગબડાવી રહ્યા છે. કરિયાણુ અને શાકભાજીની ખરીદી પણ મર્યાદિત બનાવી દેવાઈ છે. પૈસા આવશે તો વધુ ખરીદી કરીસુ તેવો નિર્ણય મોટાભાગના પરિવારોએ લીધો હોઈ બજારો સાવ સુના લાગી રહ્યા છે. લગ્નસરાની સીઝન હોવા છતાં રેડીમેડ વસ્ત્રોની ખરીદી થતી નથી. અરે વર-કન્યાના કપડાંની ખરીદી પણ નોટબંધીએ મર્યાદિત કરી નાંખી છે. કટલરી માર્કેટ, ફૂટવેર માર્કેટના વેપારીઓ ઘરાકોની રાહ જોઈ રહ્યા છે. નોટબંધીના નિર્ણયને આવકારી રહ્યા છે પરંતુ તેનો અસરકારક અમલ ન થતા રોકડના અભાવે વેપાર-ધંધા પડી ભાંગવાની સ્થિતિએ આવી ગયા છે. આગામી દિવસોમાં પગારની તારીખ છે ત્યારે જો પુરતા પ્રમાણમાં રોકડની વ્યવસ્થા કરવામાં નહી આવે તો વધુ અંધાધુંધી સર્જાવાની શક્યતાઓ છે.

# બહેનના લગ્ન માટે રૂપીયા લેવા ગયેલા યુવાનને વીલા મોં એ પરત ફરવું પડ્યું

ગાંધીનગર, તા.૨૮

નોટબંધીને કારણે નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. ૧૮ દિવસના વાણા વાયા છતા નાગરીકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બેંકો આગળથી લાઈન ઘટવાનું નામ જ લેતી નથી. મધ્યમ વર્ગ ભીંસાઈ અને પીંસાઈ રહ્યો છે. નોટો મેળવવા બેંકોમાં રઝળપાટ કરી રહ્યો છે. ત્યારે સરકાર કેશલેસ ટ્રાન્ઝેકશનની વાતો કરી રહી છે પરંતુ શહેરની મોટાભાગની બેંકોમાં કેશ જ ન હોવાથી અત્યારે હાલ તો કેશલેસ બેંકો બની ગઈ છે. પોતાના એકાઉન્ટમાંથી રૂપીયા લેવા માટે ખાતેદારોને બેંક સ્ટાફ તેમજ મેનેજરને કાકલુદી કરવી પડે છે.પરંતુ બેંકમાં કેશ ન હોવાથી બેંક કર્મીઓ પણ લાચારી દર્શાવે છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૧૩માં રહેતા રાજુપુરી ગોસ્વામીના બહેનના લગ્ન છે ત્યારે ગેઝીયા ખાતે આવેલ બેંક ઓફ બરોડામાં પોતાના એકાઉન્ટમાંથી રૂ.૧૦.૦૦૦ ઉપાડવા ગયા હતા. પરંતુ બેંક દ્વારા માત્ર રૂ.૨૦૦૦ જ મળશે તેવું જણાવ્યું હતુ અને તે પણ કોઈ ડિપોઝીટ ભરવા આવે ત્યારે... આ સાંભળી યુવાન હતપ્રભ બની ગયો કલાકો સુધી સ્ટાફ જોડે ચર્ચા કર્યા પછી પણ તમામ પ્રયાસો નિરથર્ક નિવડયા હતા. બહેનના લગ્ન છે અને મારે અગત્ય છે મને પૈસાની જરુર છે આપો પ્લીઝ છતા બેંક કર્મચારીઓ આપી શકયા નહોતા કારણ કે તેઓ પણ બેંકમાં રૂપીયા ના હોવાથી મજબુર હતા. ના છુટકે યુવાન પૈસા લીધા વગર વીલા મોં એ ઘરે પરત ફર્યો હતો. નોટબંધીને ૧૮ દિવસનો સમયગાળો થઈ ગયો હોવા છતા એટીએમ મોટાભાગના બંધ હાલતમાં છે ત્યારે રૂપીયા આવે તો ગણતરીની મિનીટોમાં ચપાચટ થઈ જાય છે. જયારે એટીએમમાંથી રૂ૨૦૦૦ની નોટ નીકળતા આમ નાગરીકોને તે વટાવવી ક્યા અને કોણ છુટા આપશે તેની પળોજણ પણ રહે છે. કયાં સુધી નોટબંધીની ઝંઝટમાં આમ નાગરીક જકડાઈ રહેશે તે જોવુ રહ્યું... ત્યારે કેશલેસ ટ્રાન્ઝેકશનની સુફીયાણી વાતો વચ્ચે શહેરની બેંકો જ કેશલેસ થઈ ગઈ છે.

## સરકાર કેશલેસ ટ્રાન્જેકશનની વાતો કરે છે...ત્યારે શહેરની બેંકો જ કેશલેસ બની જવા પામી છે

# દહેગામ સીએચસીના ડ્રાઈવરોની મનમાની : દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા.૨૮

દહેગામ સીએચસી ખાતેથી એમ્બ્યુલન્સમાં ગાંધીનગર હોસ્પિટલ દર્દીઓને પહોંચાડવાનો ચાર્જ છે માત્ર રૂ.૧૫૦.... જયારે સીએચસીના ડ્રાઈવરો ગરીબ નિરાધાર તેમજ અભણ દર્દીઓને ટાર્ગેટ કરીને મનફાવે તેટલો ચાર્જ વસુલીને પાવતી આપ્યા વગર રફુચક્કર થઈ જાય છે. તંત્રનો જાણે ડર ડ્રાઈવરોને રહ્યો નથી તેવું લાગી રહ્યું છે. આ મામલે તંત્રના અધિકારીઓ આંખ આડા કાન કેમ કરી રહ્યા છે તે પણ ચર્ચાનો મુદ્દો બન્યો છે. ત્યારે ગામડાના ભોળા અને અભણ દર્દીઓ પાસેથી વસુલાતા ભાડામાં પ્રમાણસર લેવાય તેવો શુર દર્દીઓ તેમજ લાભાર્થીઓમાં ઉઠવા પામ્યો છે. ત્યારે ડ્રાઈવરો સામે શિક્ષાત્મક પગલા ભરાય તેવી માંગ લાભાર્થીઓમાં ઉઠવા પામી છે.

રાજયના છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી વિવિધ યોજના પહોંચે તે માટે સતત આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ પ્રયત્નો કરી રહ્યા છે. નાના બાળકથી લઈને પ્રસુતા મહિલાઓ માટે અનેક આશિર્વાદરુપ યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવી છે. ગરીબોના આરોગ્યને લઈને રાજય સરકાર ચિંતિત છે ત્યારે રાજયમાં જયાંથી આરોગ્યનો વહીવટ ચાલે છે ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામ સીએચસી સેન્ટર ખાતે અંધેર નગરી ગંડુ રાજા જેવો વ્યવ્હાર ગરીબ દર્દીઓ પાસે થાય છે. દહેગામ સીએચસીથી ગાંધીનગર દર્દીઓને લાવવાનો ચાર્જ ઓન પેપર માત્ર રૂ.૧૫૦ છે પરંતુ વસુલાય છે ડ્રાઈવરોની મનમાની મુજબ .. દર્દીઓને કોઈપણ જાતની રુપીયા ચુકવ્યાની પહોંચ આપવામાં આવતી નથી. બે દર્દી લઈને એમ્બ્યુલન્સ ગાંધીનગર આવે તો બે દર્દીઓના ભાગમાં રૂ.૭૫ આવે પણ અહી તો વસુલાય છે રૂ.૨૦૦ થી રૂ. ૨૫૦ ત્યારે દર્દીઓના ખીસ્સા ખંખેરતા ડ્રાઈવરો સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ દર્દીઓ અને સ્વજનોમાં ઉઠવા પામી છે. પૈસા વધારાને લઈ દર્દીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

## રૂ.૧૫૦ ની જગ્યાએ મનફાવે તેટલું ભાડું વસુલતા ડ્રાઈવરોને તંત્રનો ડર રહ્યો નથી

# શહેર એનએસયુઆઈ દ્વારા સે-૧૫ સાયન્સ કોલેજમાં ફી વધારાને લઈ ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ સ્થિત સાયન્સ કોલેજ ખાતે સેમેસ્ટ-૨, ૪, અને ૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોના માથે અચાનક ૧૦૦થી ૧૫૦ ટકા જેટલો ફી વધારો ઝીંકી દેતા વિદ્યાર્થીઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. સરકાર શિક્ષણની સુફીયાણી વાતો કરે છે ત્યારે ફી વધારાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેર એનએસયુઆઈ દ્વારા ઉચ્ચકક્ષાએ આવેદનપત્ર પાઠવી તાત્કાલીક અસરથી ફી વધારો પાછો ખેચવા રજુઆત કરી છે. જો કે તંત્ર દ્વારા ટુંક સમયમાં સેમેસ્ટરમાં કરવામાં આવેલ ફી વધારો પાછો ખેંચવામાં આવશે તેવી હૈયાધારણા આપવામાં આવતા વિદ્યાર્થી ભાઈ બહેનોમાં આનંદનું મોજુ ફરી વળ્યું હતું. જયારે તંત્ર દ્વારા સત્વરે યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીએ આજદિન સુધી આર્થિક રીતે નબળા તેમજ ગરીબ વિદ્યાર્થીઓને મુંઝવણનો સામનો કર્યા વિના ભણતર પુરુ કર્યુ છે તેવું વાતાવરણ યુનિવર્સિટીએ પુરુ પાડ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરની સેકટર-૧૫ સાયન્સ કોલેજમાં અચાનક સેમેસ્ટર-૨, ૪, અને ૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોની ફીમાં ૧૦૦ થી ૧૫૦ ટકા જેટલો જંગી વધારો કરી દેતા વિદ્યાર્થીઓના ભાવિ સામે ખતરો ઉભા થવા પામ્યો છે. ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ આટલી તોંતિગ ફી કેવી રીતે ભરી શકે... ત્યારે આ ફી વધારાને પગલે ગરીબ અને ખેડુત પરિવારના વિદ્યાર્થીઓ અભ્યાસથી દુર થશે.

એનએસયુઆઈના કાર્યકરોએ મુખ્યમંત્રી, યુનિવર્સિટીના કુલ સચિવ, કોલેજના પ્રિન્સીપલને આવેદનપત્ર આપી ફી વધારો પાછો ખેંચવા રજુઆત કરી છે. ત્યારે તંત્ર દ્વારા પણ ટુંક સમયમાં આ અંગે યોગ્ય હકારાત્મક નિર્ણય આવશે તેવી હૈયાધારણા આપવામાં આવી છે. જો સત્વરે યોગ્ય નિર્ણય નહી આવે તો એનએસયુઆઈના કાર્યકરોએ વિદ્યાર્થીઓના હિત માટે ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.



# જલારામ મંદિરના ૨૧માં પાટોત્સવની ધામધુમથી ઉજવણી

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે આવેલ જલારામ ધામ મંદિરના ૨૧માં પાટોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. જલારામ ધામ શહેરના નાગરીકોમાં અનેરુ આસ્થાનું સ્થાન ધરાવે છે. જલારામ મંદિરના પાટોત્સવ નિમિતે સવારથી જ ભકતોની ભારે ભીડ મંદિર પરિસરમાં જોવા મળી હતી. મંદિર ખાતે સવારે ૯ થી ૧૧ કલાક વિવિધ પૂજન વિધી યોજાઈ હતી. જયારે બપોરે ૧૨ કલાકે ધજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો. સવારથી સાંજ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો પાટોત્સવ નિમિતે યોજાતા મંદિર પરિસરમાં અનોખુ ધાર્મિક વાતાવરણ યોજાયું હતું. ત્યારે મોટીસંખ્યામાં બાપાના દર્શન કરી ભકતોએ ધન્યતા અનુભવી હતી.

# ગાંધીનગર ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના જનરલ સેક્રેટરી પદે જૈનુલ પટેલની નિયુક્તિ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના જનરલ સેક્રેટરી તરીકે શહેર જિલ્લાના પ્રેસ મીડિયા સાથે સક્રીયપણે સંકળાયેલા અને 'ઈગલ ન્યૂઝ'ના તંત્રી જૈનુલ પટેલની નિમણુંક કરવામાં આવી છે. જનરલ સેક્રેટરી પદેથી એમ.સી. કાશીપરાએ રાજીનામુ આપતાં ચેરમેન વી.એમ. ગજેરાએ તેમના સ્થાને આ નિયુક્તિ કરી છે. બહોળો પરીચિત વર્ગ અને લોકચાહના ધરાવતા સાલસ સ્વભાવના ઉત્સાહી અનુભવી જૈનુલ પટેલની નિમણુંકથી ગાંધીનગર ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રવૃત્તિ વિકાસયાત્રાને વધુ વેગ મળશે એવા વિશ્વાસ સાથે જિલ્લાના વેપારી મિત્રો અને નાગરિકોએ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા છે.



# પોપ્યુલેશ ફર્સ્ટ દ્વારા ૮મા ''લાડલી' મીડિયા એન્ડ એડવર્ટાઈઝીંગ એવોર્ડસ




ગાંધીનગર, તા. ૨૮

''પોલ્યુલેશન ફર્સ્ટ'' સંસ્થા દ્વારા જેન્ડર સેન્સિટિવિટી માટે વર્ષ ૨૦૧૫-૧૬ના ૮મા લાડલી મીડિયા એન્ડ એડવર્ટાઈઝીંગ એવોર્ડસ માટે આયોજન હાથ ધરાયું છે. આ એવોર્ડસ માટે તા. ૧૫મી ડિસેમ્બર સુધીમાં એન્ટ્રીઓ મોકલી આપવાની છે. લિંગ સંવેદનશીલતા અંગેના પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક, ટીવી, રેડિયો તથા વેબ રિપોર્ટીંગ અને એડવર્ટાઈઝીંગ એજન્સીઓના કાર્યને લાડલી મીડિયા એન્ડ એડવર્ટાઈઝીંગ ફોર જેન્ડર સેન્સિવીટી દ્વારા પ્રસ્થાપિત કરાયેલા બેન્ચમાર્ક અનુસાર એવોર્ડના વિજેતાઓની જાહેરાત કરાશે.

પુરૂષ-મહિલા વચ્ચેના લિંગ ભેદ અંગે 'લાડલી' દ્વારા પ્રસ્થાપિત કરાયેલા ધારાધોરણમાં લિંગ સાપેક્ષની નીતિઓનું વિશ્લેષણ, કાર્યક્રનો અને કાયદાઓની માહિતી તથા છણાવટ કાયદાઓના અમલીકરણમાં પોલીસ ન્યાય પ્રણાલી, વહીવટદારો, અન્ય સેવા પુરી પાડનારાઓની કામગીરીમાં વૈચારિકતાની અસર પર પ્રકાશ પાડવો, લિંગ આધારિત સમીકરણો, બદલાતી કાર્ય વહેંચણી, રીતો, લિંગ સાપેક્ષ હોય તેવી કુદરતી હોનારતો, સામુદાયિક હુલ્લડો, ચૂંટણીઓ, ખેલકૂદના પ્રસંગો જન્મ અગાઉના લિંગ પરીક્ષણ, લિંગ પસંદગી, હિંસાના કૃત્યો અંગે જાગૃતતાના પ્રયાસો, ઉદા સેન્સેસ, આર્થિક સર્વેક્ષણ, બજેટ વગેરેનું લિંગ સાપેક્ષમાં કરવામાં આવેલ સંશોધન, અહેવાલો, દસ્તાવેજો તથા લિંગ હિંસાથી બચી ગયેલાઓનો અવાજ રજૂ કરવા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંગેની તમામ એન્ટ્રીઓ તા. ૧લી જુલાઈથી ૩૦મી જુન-૨૦૧૬ દરમ્યાન પ્રકાશિત અથવા પ્રસારિત થયેલ હોવી જોઈએ.

# ડિસેમ્બરના અંતમાં કાતિલ ઠંડી પડશે

ગાંધીનગર, તા.૨૮

આગામી દિવસોમાં હજુ આકરી ઠંડી પડવાની સંભાવનાઓ છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે આગામી કેટલાક દિવસોમાં ઠંડી ખુબ વધશે. ડિસેમ્બર માસના અંતિમ દિવસોમાં કાતિલ ઠંડી સૌને ધ્રુજાવશે.

શિયાળુ પાકનું વાવેતર થવામાં છે ત્યારે જો ઠંડી પડે તો શિયાળુ મોલ સારો થાય. આથી ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં આગામી દિવસોમાં ઠંડી પડવાની શકયતા રહેલ છે અને ડિસેમ્બર માસના છેલ્લા સપ્તાહમાં કાતિલ ઠંડીને વેગ મળે. હાલમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હળવી હિમવર્ષાની સંભાવના રહે આથી જમ્મુ-કાશ્મીરના ભાગોમાં સખ્ત ઠંડીની વકી રહે જયારે દિલ્હી, હરિયાણા, પંજાબ અને રાજસ્થાનના ભાગમાં ઠંડીને વેગ મળે. કોઈ કોઈ ભાગોમાં ન્યુનતમ તાપમાન છ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની વકી રહે. ઉત્તરના ઠંડા પવનો દક્ષીણ તરફ વહેતા થવાથી દેશના અન્ય ભાગોમાં પણ ઠંડી જોર પકડે. ડિસેમ્બરની શરૂઆતમાં દિલ્હી સમેત કેટલાક ઉત્તર ભારતના ભાગોમાં ધુમ્મસની અસર વાહન વ્યવહાર પર પણ પડે. સાથે સાથે વૈશ્વિક હવામાનમાં પણ ઘણા ફેરફાર થવાની શકયતા રહે. રેગીસ્થાનના ભાગોમાં ભારે વર્ષા તો એશિયાઈ યુરોપના ભાગોમાં પણ વરસાદની શકયતા રહે. વૈશ્વિક હવામાનની અસર ભારતને પણ પ્રભાવિત કરી શકે.

ઈરાન અને અફઘાનીસ્તાનમાંથી આવતા ઠંડા પવનો દેશના પશ્ચિમ ક્ષેત્રમાં વાદળવાયુ પણ કરે. ગુજરાતના ભાગ્ય અંગે જોઈએ તો ઉત્તર ગુજરાતના ભાગોમાં આગામી થોડાક જ દિવસોમાં ન્યુનતમ તાપમાન ૧૨ ડીગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની વકી રહે. હજુ મહત્તમ ઉષ્ણતામાન થોડું વધુ રહે. પરંતુ ડીસેમ્બરની શરૂઆતમાં ગુજરાતના ભાગોમાં સખ્ત ઠંડી વર્તાય. રાજસ્થાન અને આબુના ભાગોમાં સખ્ત ઠંડી જણાય જયારે ગુજરાતના ભાગોમાં કોઈ કોઈ ભાગોમાં ન્યુનતમ તાપમાન દસ ડીગ્રી સેલ્સીયસ આસપાસ રહેવાની વકી રહે. આવનાર દિવસોમાં વૈશ્વિક પર્યાવરણીય રેકર્ડ તૂટે તેવું પણ બની શકે. આગામી ભૌગોલિક બાબતો, હવામાનના દબાણો, ગ્રહો તેમજ અન્ય આધારે જણાવેલ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




છુટ્ટા નથી મળતાં તેમાં બુમો શું પાડો છો... અહીં અમને બાર વાગ્યા સુધી છુટ્ટી નથી મળતી તોય શાંતિથી કામ કરીએ છીએ...!

# અડાલજ અને નારદીપુર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઝડપી ઉકેલ માટે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દરેક તાલુકા કક્ષાએ સેવા સેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય કર્યો છે.

સેવા સેતુ કાર્યક્રમ ગાંધીનગર તાલુકાના અડાલજ અને કલોલ તાલુકાના નારદીપુર ગામ ખાતે ૩૦મીએ સવારના ૯ થી સાંજના ૫ કલાક પ્રાંતઅધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાશે. ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે પ્રાથમિક શાળામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. જેમાં અડાલજ, ખોરજ, ઝુંડાલ, શેરથા, જમીયતપુરા અને દંતાલી એમ કુલ-૬ ગામોના ગ્રામજનો ભાગ લઈ શકશે.

સેવા સેતુ કાર્યક્રમમાં નારદીપુર, ડીંગુચા, કાંઠા, નવા, ગોલથરા, પલીયડ, ભાઉપુરા, ખોરજડાભી, જામળા, વેડા, ગોવિંદપુરા અને હિંમતપુરા એમ કુલ-૧૨ ગામોના લોકો ભાગ લેનાર છે. આ ગામોના લોકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો નિકાલ કરાશે. આવક, જાતિ, ક્રિમીલેયર પ્રમાણપત્રને લગતા દાખલાઓ, રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, મા અમૃતમ યોજના તથા વાત્સલ્યકાર્ડમાં લાભાર્થીઓની નોંધણી અને કાર્ડ ઈસ્યુ કરવા, કૃષિ-પશુપાલન, સહકાર, ગ્રામવિકાસ પંચાયત, સમાજકલ્યાણ, આદિજાતિ વિભાગની યોજનાઓ હેઠળના વ્યક્તિલક્ષી લાભો માટેની અરજીઓ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, સ્કોલરશીપ યોજનાઓ, વિધવા સહાય અને વૃદ્ધ નિરાધાર સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટેની અરજીઓ તથા જમીન માપણી અને નવી નોંધ દાખલ કરવાને લગતી અરજીઓની રજૂઆતોનો સેવા સેતુ કાર્યક્રમમાં નિકાલ કરાશે.